


## સલામી સવારની..

પ્રદીપ બાપુએ પણ હવે 'લાલ' આંખ રાખી છે,
- ને પોલીસે ઉત્સાહે હવે 'રેડ'ને કાંખ રાખી છે,
માંખ નાખી દીધી તેલમાં ન્યૂ ઈયર પાર્ટીઓની -
મંદિરે કરો જાગરણ, ઝાંઝ તૈયાર રાખી છે...
(નાયણી - 'પીણી' પર તવાઈ)

હાઈકુ

બળતું ઘર
લ્યો ! ઓ.એન.જી.સી.ને
કર્યું અર્પણ...
(કે.જી.બેઝીન)

મૂકે મર્યાદા!
રહેતા નથી કોઈ -
હવે 'માપ'માં...
(સાંસદ - PSI)

### ચિંતન

**સોચિઅ ગૃહી જો મોહ બસ, કરઈ કરમ પથ ભાગ ।**
**સોચિઅ જભ પ્રપંચ રત, બિગત બિલેક બિરાગ ॥**

ઉપરોકત ચોપાઈ રામાયણમાંથી લેવામાં આવેલ છે.

જે ગૃહસ્થ અજ્ઞાનને વશ થઈ ધર્મમાર્ગનો ત્યાગ કરે, વળી જે સંન્યાસી જ્ઞાનવૈરાગ્ય છોડી દઈ પ્રપંચ આચરે તો તેનો શોક કરવો જોઈએ.

મૃત્યુ પછી માણસને મુક્તિ મળશે કે નરકની યાતના ભોગવવી પડશે એ આમ તો એની સાથે કે આસપાસના રહેનારાં ને - સૌ કોઈને એનો સાચો અંદાજ આવી જ જાય છે.

'રામચરિત માનસ'માં તુલસીદાસજીએ દશરથજીના અવસાન બાદ ભરી સભામાં વ્યાખ્યાન આપતાં - કેવા માણસના મૃત્યુ પછી એનું શું થશે એની ચિંતા કરવી જોઈએ એની લાંબીલચક યાદી આપી છે. એ વાંચવા-સમજવા જેવી છે. અહીં માત્ર બે ચારિત્ર્યનો ઉલ્લેખ છે.

### સુવિચાર

- ન ધન રહે ન જોબન રહે, ન રહે ગામ ઔર ઠામ, તુલસી જગમેં જશ રહે, કર દે કીસી કો કામ - **તુલસીદાસ**
- સવાલ : સમાજની વ્યાખ્યા શું ? જવાબ : સાચી સમજ ધરાવે એ સમાજ, બાકી તો ટોળું!! - **નવનીત**
- જો તમે ધર્મ કરશો તો ભગવાન પાસે તમારે માંગવું પડશે,
  પણ જો તમે કર્મ કરશો તો ભગવાન તમને આપવું પડશે - **ભગવદ્‌ગીતા**
- કોઈ નહીં દેગા સાથ તેરા યહાં, હર કોઈ યહાં ખુદ મેં હી મશગુલ હૈ, જીંદગી કા બસ એક હી ઉસુલ હૈ,
  યહાં તુઝે ગિરના ભી ખુદ હૈ, ઔર સંભાળના ભી ખુદ હૈ... - **અલ્તાફ પટેલ**
- આપણે જેમ જેમ જીવનમાં પ્રગતિ કરતા જઈએ છીએ તેમ તેમ પોતાની યોગ્યતાઓની સીમાનું જ્ઞાન આપણને થતું જાય છે - **લોંગ ફેલો**
- સામાન્ય માણસની બકવાસ જેવી વાણીને તરત કાટ લાગે છે,
  વિભૂતિની વાણીને નહીં, કાળ એને અસર કરતી શકતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : આંબાના કુમળા પાનનો ઊકાળો પીવાથી કફ અને પિત્તમાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ પ્રધાનશ્રીઓ, નેતાશ્રીઓ કે અધિકારી સાહેબોને ખૂબ જ કામકાજ અને રોકાણો હોય છે તેથી તેમની પાસે 'ઝડપી' વાહનો હોવા છતાં કોઈ જ કાર્યક્રમ (જેના સમય-તારીખ પણ પોતે જ સૂચવ્યાં હોય) માં કદી પણ સમયસર હાજર રહી શકતા નથી. પરિણામે આયોજકો શ્રોતાઓનો સમય બગડે - ત્રાસ થાય.

પંડિત ઓમકારનાથ ઠાકુર સમય પાલનના ચૂસ્ત આગ્રહી હતા. કોઈની પણ શેહ-શરમ વિના 'સમય'ને વળગી રહેતા.

એકવાર સુરતમાં અનાવૃષ્ટિ ને કારણે પંડિતજી ઓમકારનાથજીનું 'સ્વરયજ્ઞ' નું આયોજન થયું. સરકારી કાર્યક્રમ હતો. કલેકટર કાર્યક્રમના અધ્યક્ષ હતા. સાંજના છ વાગ્યાનો સમય હતો. પંડિતજી પોણા છ વાગ્યે બેઠક પર ગોઠવી ગયા હતા - ગાયન શરૂ થવાનું જ હતું - ત્યાં આયોજકો પંડિતજીને આવી કાનમાં કહ્યું હવે કલેકટર સાહેબ આવ્યા નથી. થોડીવાર રાહ જોઈએ!

પંડિતજીએ કહ્યું - હું કલેકટરને સાંભળવા નથી આવ્યો - એ મને સાંભળવા આવવાના છે - કાર્યક્રમ સમયસર જ શરૂ થશે... અને આલાપ શરૂ થયો...

# બેનામી મિલકતો પર કરડી નજર!

વર્ષાન્તે 'મન કી બાત' કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એક વાર ભ્રષ્ટાચારીઓની પૂરેપૂરી ખબર લઈ નાખવાનો સંકલ્પ દોહરાવ્યો છે. વડાપ્રધાન કક્ષાના રાષ્ટ્રીય નેતા જયારે આવા વિશિષ્ટ રાષ્ટ્રીય સ્વચ્છતા કાર્યક્રમને અંજામ આપવા કૃતસંકલ્પ હોય ત્યારે સ્વાભાવિક છે કે ખુદ એમની સરકારમાં બેઠેકા મંત્રીગણથી લઈ બ્યુરોક્રસી અને એમની પાર્ટીના સમર્થ અગ્રણીઓને પણ પોતાની બેનામી મિલકતો પર ત્રાટકવાની ઝુંબેશ ઉપાડવાની જાહેરાત કતા હોય ત્યારે દેશમાં કેન્સરની જેમ ફેલાયેલી આ બદી ફક્ત વિપક્ષોમાં જ હોઈ શકે અને શાસક પક્ષ દૂધે ધોયેલો જ હોય, એમ માની લેવું એ તો ભાગ્યે જ કોઈને પરવડી શકે. સવિશેષ વડાપ્રધાનનો પુણ્યપ્રકોપ નોટબંધી પછી બે-નંબરનાં નાણાંને બેનામી ખાતામાં જમા કરાવી ધોળા કરવાના કારસા કરનારા ભ્રષ્ટ નાગરિકો સામેનો છે. આવા ભ્રષ્ટ વ્યવહારમાં ઉદ્યોગપતિઓથી લઈ બિલ્ડરો અને વેપારીઓ તથા સેનાના વ્યવસાય સાથે સંકળાયેલો એક વગદાર કહેવાય એવો વર્ગ સંકળાયેલો છે. ખેતીની આવક ટેક્સેબલ નહીં ગણાતી હોઈ આવા લોકોએ ખેડૂતોના નામે પણ નણાં બેનામી ખાતામાં મૂકી દીધા હોવાની શક્યતા છે. રિયલ એસ્ટેટનો કારોબાર મહદંશે કાળાં નાણાંથી જ ચાલતો રહ્યો છે. અત્યારે સૌથી મોટી મુસીબત આ જમીન વ્યવસાય સાથે અને બિલ્ડર લોબી ઉપર ઊતરી છે. તેઓ યેનકેન પ્રકારેણ પોતાનાં નાણાં સગાંવહાલાંથી લઈ નોકરચાકર કે જનધન યોજનાનાં ખાતાં ધરાવતા ગરીબોનાં ખાતામાં જમા કરાવી આવ્યા છે. વડાપ્રધાન મોદી આ તમામને બરાબર ઓળખે છે. કારણ કે એમણે એક મધ્યમ પરિવારમાં ઊછરી આજુબાજુ કૂદકેને ભૂસકે વિકસતા આવા વર્ગને સગી આંખે નિહાળ્યો છે. મોદી આ બધાની મદદથી જ એમની પાર્ટીને પણ રાષ્ટ્રીય સ્તરે શાસક પાર્ટીના સ્વરૂપમાં ફેરવી શક્યા છે, તે પણ ન જ ભૂલવું જોઈએ.

રાજકીય પાર્ટીઓને કયો

**તંત્રીસ્થાનેથી...**

ગરીબ ફંડ ફાળો આપી શકવાનો હતો ? ભારતીય જનતા પાર્ટીની શરુઆતની ઓળખ જ સવર્ણ સુખી સમાજની પાર્ટી તરીકેની રહી છે. હરિયાણામાં તો લોકો એને 'લાલા પાર્ટી' એટલે કે શેઠ-શાહુકારોના પક્ષ તરીકે જ ઓળખતા હતા. કિસાનો કયારેય ભાજપના સમર્થનમાં નહોતા, તેમને કિસાન સંઘના માધ્યમથી પાર્ટી સાથે સાંકળવાનું શ્રેય પણ મોટા હિંદુત્વવાદી ખેડૂત દ્વારા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની કિસાનપાંખ તરીકે સ્થપાયેલ 'કિસાનસંઘ'ને જાય છે.

રાહુલ ગાંધી સહિત નેતાઓનું એક તારણ ગળે ઊતરે એવું છે કે કાળાં નાણાંનો મોટો હિસ્સો જમીનોમાં રોકાયેલો છે. ત્યારે વડાપ્રધાન મોદી હવે એમની સર્જિકલ સ્ટ્રાઈકનો બીજો તબક્કો બેનામી મિલકતોનું પગેરું લેવા માટેની ઝુંબેશ તરીકે શરુ કરવા માગતા હોય તો એ કામ કેટલું કપરું છે તે સામાન્ય માણસ પણ સમજી શકે એમ છે.

# આપણે 'ઝીરો વેસ્ટ' જીવન જીવવાનો પ્રયત્ન કરી શકીએ?

બાળકને આખી દુનિયા બસ એકલાની લાગે
ખોટું છે એ સમજતાં એક જિંદગાની લાગે
કયારેક ચાલી ચાલી તારા સુધી ન પહોંચું
કયારેક ઠોકરો પર તારી નિશાની લાગે

—રઈશ મનીયાર

લોરેને 'ઝીરો વેસ્ટ્' (નહિવત કચરો)ઉત્પન્ન કરે તે પ્રકારની જીવનશૈલી અપનાવવાનું નકકી કર્યુ. પેકેજીંગની દુનિયામાં તથા તૈયાર વસ્તુઓ સુપર માર્કેટમાંથી લાવીને જીવતા લોકોની વચ્ચે 'ઝીરો વેસ્ટ્' સાથે કેવી રીતે જીવવું, તેના માટે તે એક મોટો પડકાર હતો. તેમણે પોતાની રોજિંદી જરૂરિયાતની વસ્તુઓનું સરળતાથી તેમજ જૈવિક ઉત્પાદન કેવી રીતે કરી શકાય તે શીખવાનું શરૂ કર્યું. આમ, સાદાઈથી જીવતાં છેલ્લાં બે વર્ષમાં તેમણે કેટલો કચરો પેદા કર્યો જાણો છો ? માત્ર ૫૦૦ ગ્રામના એ ડબ્બામાં સમાઈ જાય તેટલો જ! લોરેને કહયું કે ''મહત્ત્વની વાત એ હતી કે જે જે પરિસ્થિતિમાં બગાડ કરવાની કચરો થવાની સ્હેજેય શકયતા ઊભી થાય તેમ હતું તેમાં મેં - ના - પાડવાની શરૂઆત કરી. દા.ત. પીણાઓ પીવા માટે સ્ટ્રો લેવી, દુકાનમાંથી પ્લાસ્ટીકની થેલી લેવી વગેરે.''




આ બધુ રાતો રાત નથી બન્યુ. આ બધુ શરૂ કરતાં - અમલ કરતાં એક વર્ષથી વધુ સમય નિકળી ગયો. લોરેન સીંગરના જીવનનો જે આદર્શ હતો તે પ્રમાણે 'કચરા વગર' ના જીવન તરફ તે દઢતાપૂર્વક આગળ વધી. 'ઝીરો વેસ્ટ્' આ જીવન જીવતાં તેના જીવનમાં કેટલાંક ફેરફારો જોવા મળ્યા. તે કહે છે કે

૧. હવે હું વધુ પૈસા બચાવું છું.

તે ખરીદીની યાદી તૈયાર કરે છે. લલચાઈને મોંઘી વસ્તુ ખરીદવાનું ટાળે છે. થેલી-બરણી ઘરેથી જ લઈ જાય છે.

૨. આરોગ્યપ્રદ ભોજન ખાઉં છું

જયારથી તેણે પ્લાસ્ટિક પેકેજિંગ વગરની ચીજવસ્તુઓ ખરીદવાનું શરૂ કર્યું છે ત્યારથી બિનઆરોગ્યપ્રદ વસ્તુઓ એની જિંદગીમાંથી ઓછી થઈ રહી છે. સ્થાનિક ખેડૂતોએ ઉગાડેલી તાજી વસ્તુઓ જ ખાય છે.

૩. અગાઉ કરતાં હું વધુ ખુશ રહું છું.

સુપરમાર્કેટમાં હવે માત્ર અઠવાડિયે એક જ વાર જાય છે. પૈસા બચી શકે છે. જીવવું સરળ બની ગયું છે. તેને કારણે તનાવમુકત જિંદગી જીવી શકે છે. આજે આનંદિત રહેવુ, ખુશ રહેવુ, તનાવમુકત રહેવુ મનુષ્ય જાતિ પર ખૂબ મોટું વરદાન છે. સ્વચ્છ ભારતની દિશામાં - પ્રત્યેક ભારતવાસી કચરો નહિ પેદા કરવાનો નિર્ણય કરે - તે જરૂરી છે. શકય છે આ નિર્ણય જીવન જીવવાની પધ્ધતિ બદલી નાખે. 'ઝીરો વેસ્ટ્' એ આપણા રોજિંદા વ્યવહારમાં વણાઈ જવું જોઈએ. મારા થકી ઓછામાં ઓછો કચરો પડે - હું કચરા પેટી ભરવાનું કારણ ના બનું - કચરો ન કરવો એ દેશની મોટી સેવા થઈ ગણાશે. કચરો કચરાપેટીમાં નાખ એ બીજી વાત છે પહેલી વાત છે કોઈપણ પ્રકારનો કચરો જ નહિ.




આપણે 'ઝીરો વેસ્ટ્' જીવન જીવવાનો પ્રયત્ન કરી શકીએ ? (સંપૂર્ણ)

મિસરી

બારીની બહાર પાનની પિંચકારી મારી
બાંયથી મ્હોં લૂછતા
સુમન માસ્તર મોટેથી બોલ્યા, 'છોકરાઓ...'
જીવનમાં ખોટી ટેવથી હંમેશા દૂર રહેવું જોઈએ.
(એસ.એમ. એસ. : વિનય શાહ, અમદાવાદ)

- santoshdevkar03@gmail.com

# કુછ ભી કરો સાલા કમ હી પડ જાતા હૈ

જીવનમાં કર્તવ્ય નિભાવતાં-નિભાવતાં, જવાબદારી અદા કરતા કરતા કયારેક એવો વિચાર આવે કે શું આપણા આ કાર્ય સ્નેહીજન માટે, તેમના આનંદ માટે સંતોષ માટે પર્યાપ્ત રહેશે કે કેમ ?

જયારે આપણે એમ સમજતા હોઈ કે લોહીનું પાણી કરીને પણ આપણાં વ્યક્તિઓ માટે જે જવાબદારી અદા કરવાનું કાર્ય કર્યું છે, તે ખરેખર પ્રામાણિકતાથી, ઈમાનદારી પૂર્વક પાર પાડ્યું છે. જીવનના આ રંગમંચમાં સૂત્રધારનું કપરું કામ ભાગે આવ્યું છે. તે નિભાવવાનો આયાસ આપણે બખૂબી કરતા હોઈએ છીએ, પરંતુ તખ્તા પરના બીજા પાત્રોને જયારે આ પ્રયાસમાં કાંઈક ઊણપ વર્તાવા લાગે... ત્યારે સૂત્રધાર નોંધારો થઈને ભાંગી પડે છે. ધનની બાબતમાં દેણદાર કરતાં લેણદારનું સ્થાન ઊંચું હશે પણ સ્નેહની બાબતમાં લેનારા કરતા આપનારો ઊંચો છે...

કોઈ પણ માણસની જિંદગી ખરેખર તો એકલતાની યાત્રા છે. સંબંધ લોહીનો હોય કે લાગણીનો. પરંતુ જયારે ધાર્યો પ્રતિસાદ ન સાંપડે ત્યારે દિલમાંથી ન સંભળાય તેવી ટીસ ઊઠે છે.

વાસ્તવમાં દરેક, સહૃદયી વ્યક્તિ પોતાની જવાબદારી, પ્રામાણિકતા બજાવતો જ હોય છે... પરંતુ વધુ અપેક્ષા અથવા કહો કે ખોટી અપેક્ષાઓ જ તેને અધમૂઓ બનાવી દે છે...

'કોઈનો પ્રેમ કદી ઓછો હોતો નથી
આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે...'

શ્રી હરિન્દ્ર દવે આ મહાન પંક્તિઓ કહી ગયા તે શું આપણે જ આત્મસાત્ કરવી આવશ્યક છે...

આ સંસારમાં માણસ માણસ વચ્ચેનાં લાગણીનાં તમામ વહેવારોમાં કોઈ ન્યાય માંગતું નથી... પ્રેમ જ માગે છે... ઘર એ કોઈ કોર્ટરૂમ નથી કે જયાં સાબિતી અને પુરાવા રજૂ કરીને સ્નેહનો ન્યાય માંગતા ફરીએ...

ઘર એ તો મંદિર છે... તેમાં અપેક્ષા પ્રેમની જ રાખવામાં આવે છે, ન્યાયની નહિ.

શા માટે પિતા-પુત્ર વચ્ચે એક અદશ્ય રેખા હોય છે! મધ્યમવર્ગીય પિતા જયારે 'એક સાંધે ત્યાં તેર તૂટે' જેવી પરિસ્થિતિમાં પણ પુત્રને દરેક ઈચ્છા પૂરી કરતા હોવા છતાં... માત્ર બીજાનું જોઈને પોતાને મોંઘી બાઈક ન મળતા પિતા વિરુદ્ધ અદશ્ય અને પરોક્ષ રૂપે મોરચો માંડે છે... એવી નજરોથી પિતા સામુ જુએ છે ત્યારે પિતા સળગી ઊઠે છે... વિચાર કરે છે કે 'કયાં કમ પડ ગયા.'

તેવી જ રીતે દીકરો કે દીકરી મોટા થઈને ખૂબ જ ઈમાનદારીપૂર્વક જવાબદારી વહન કરવાના માર્ગે ચાલતા હોય છે, અને આ માર્ગમાં જો કોઈ નાની શી ભૂલ અથવા તો કહીએ કે ગેરસમજો નો સરવાળો થયે રાખવાથી ઊભી થતી મુશ્કેલી વખતે મોટેરાઓ જે મૌન રૂપી અત્યાચાર કરતાં હોય છે, તેને હિંસામાં જ ખપાવવો જોઈએ...

'જનરેશન-ગેપ' ના રૂપકડાં નામ હેઠળ ઘણી બધી વાતને લાવી દઈને ચૂપચાપ મનમાં શેરડા પાડતાં આ વડીલોને રાતોરાત એમ શાને લાગવા માંડતું હશે કે - 'કોઈ કોઈનું નથી રે !'

એવું કહે છે કે સુખને માણવું હોય તો ભૂતકાળની વેદના સામે રાખીન વર્તમાનની ક્ષણો સાથે મૂલવવી પરંતુ થાય છે, તેનાથી ઊલટું... ભૂતકાળના દુઃખ વર્તમાનમાં સુખ લાગવા માંડે છે. સરખામણી કરતાં વર્તમાનમાં ફક્ત કાંટા જ વાગે ત્યારે સમજવું કે તમે હાથે કરીને કાંટાળો માર્ગ પસંદ કરીને હેરાન થઈ રહ્યા છો.

પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં પણ આ નોબત ત્યારે આવે.... છેવટે એક મહાન શૂન્ય પેદા થાય છે... કદાચ આપણું હદથી વધારે પ્રત્યાર્પણ દોહ્યલુ થઈ જતું હશે... સંબંધોની કયારીમાં જયારે અવિશ્વાસના નિંદામણ વધવા માંડે પછી પ્રેમરૂપી પાકને નુકશાન જ થતું હોય છે...




આ બધું પરસ્પર છે, સામ-સામે એકબીજોન જયાં એમ લાગે રાખે કે કર્યાની કોઈ કિંમત નથી ત્યાં હંમેશાં નવી સમસ્યાઓ જ જન્મ લેતી હોય છે...

તો શું જે કાંઈ આપણે સ્નેહી માટે આત્મજનો માટે કરીએ છીએ તે પૂરતું નથી હોતું... વાસ્તવમાં જે કાંઈ પણ કરી છૂટી તે આખરે પોતાની માટે જ હોય છે... આપણે કોઈ પર ઉપકાર નથી રતા...

માણસના દુઃખને ઓગાળી નાખનારું, રસાયણ 'પ્રેમ' છે, અને ઈશ્વરે આ શક્તિ માણસને જ આપી છે. જયારે સઘળું દઈ દીધા પછી પણ સામે તૃપ્તિનો અહેસાસ ત્યારે ફાટી પડવા જેવી સ્થિતિ થઈ જાય છે.

શું આ સ્વાર્થીપણું છે, અજંપ છે, કે પછી કોઈ અદશ્ય ટીસ છે કે આવી લાગણી થઈ આવે છે કે 'કુછ ભી કરો સાલા કમ હી પડ જાતા હૈ...!'

કવિ સર્વેશ્વરદયાલ સકસેના અણદીઠી ટીસની વેદના કવિતામાં ઉતારે છે...

ઘણીવાર દુનિયા
વટાણાનો દાણો થઈ જાય છે,
એક હથેળી પર
આખીને આખી વસી જાય છે...
હું જયાં હોઉં છું ત્યાંથી ઊંઠી જાઉં છું.
ઘણીવાર રાત કીડીની જેમ ધીરે-ધીરે આવે છે.
ઘણીવાર એક સ્મિત
ઠંડી હવાની જેમ વહે છે...
પર્વતની જેમ ઊભી થઈ જાય છે..
ઘણીવાર એક ખામોશી અને હું - જયાં હોઉં છું
ત્યાંથી ચાલી નીકળું છું.
ઘણીવાર એક વ્યથા
યાત્રા બની જાય છે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# વિપરીત પરિસ્થિતિમાં પણ બીએસએફના જવાનો દેશ સેવા માટે સમર્પિત રહે છે

'પપ્પા સરહદ પર જવાના પાસ કયારે મળશે? દીકરાએ પુછ્યું.'

'જવા તો દેશે ને ?' પત્નીએ પુછ્યું. અમદાવાદના ઉદ્યોગપતિ કેતન પારેખ એમના પરિવાર અને મિત્રો સાથે બનાસકાંઠા જિલ્લાના નડા બેટ આવ્યા હતા. જલોયા પ્રવાસી માહિતી કેન્દ્ર પર થોડી વાર લાગી ત્યારે આ સવાલો થયા હતા.

૨૪ ડિસેમ્બર ૨૦૧૬ નો એ દિવસ. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ અને સીમા સુરક્ષા દળ (બીએસએફ)ના સંયુક્ત ઉપક્રમે નડાબેટ સરહદ પરથી શુભારંભ થયો હતો 'સીમાદર્શન' કાર્યક્રમનો.

દેશની સુરક્ષા કરી રહેલા જવાનોનો રોજિંદો નિત્યક્રમ જાણવાની - તેમના મળવાની- શસ્ત્રો અને સરહદ જોવાની - પાડોશી દેશની સરહદ પાર નજર માંડવાની ઈચ્છા અને રોમાંચ નાગરિકોને હોય છે. અમૃતસર વાઘા બોર્ડર પર જેઓ જઈ આવ્યા છે એમની વાતોમાં આપણે એમનો આનંદ અનુભવ્યો હોય છે.

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી દિવાળીના દિવસોમાં પરિવાર સાથે નડાબેટ સરહદ પર બીએસએફના જવાનો સાથે રહ્યા હતા. આ નિવાસ દરમિયાન એમણે નિર્ણય કર્યો કે સામાન્ય નાગરિકો પણ સીમા દર્શન કરી શકે એવી વ્યવસ્થા ગોઠવીએ. બીએસએફના જવાનો સાથે વાતચીત દરમિયાન એમણે એમની લાગણી પણ સાંભળી અને આ સંદર્ભે તાત્કાલિક પગલા પણ લીધા.

સીમાદર્શન કાર્યક્રમના શુભારંભ અને સાતત્ય માટે પ્રવાસન વિભાગના મંત્રી ગણપતભાઈ વસાવા, અગ્ર સચિવ એસ. જે હૈદર, કમિશનર એન. શ્રીવાસ્તવ તથા બીએસએફના આઈ જી અજય કુમાર તોમરના માર્ગદર્શનમાં તમામ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી અને કાર્યક્રમનો શુભારંભ થયો.

દેશના નાગરિકો નિરાંતે સુઈ શકે છે કારણ કે બીએસએફના જવાનો જાગે છે. પહાડ - રણ કે જમીન પર સતત સમર્પિત છે બીએસએફના જવાનો.

બાંગ્લાદેશના અસ્તિત્વમાં - આપરેશન વિજયમાં - જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ સામે લડવામાં - ઉત્તર પૂર્વના રાજયોના પ્રશ્નોના ઉકેલમાં - નકસલવાદને કાબુમાં લેવામાં અને દેશ પર આવી પડતી કુદરતી આપત્તિ સમયે પ્રજાજનોને મદદ કરવામાં બીએસએફ મહત્ત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે.

સીમાસુરક્ષા દળ ગુજરાત સીમાંતનો પ્રારંભ ૧૨ જુલાઈ ૨૦૦૪થી થયો છે અને આ સીમાંતમાં ભૂજ-ગાંધીનગર-બાડમેર એમ ત્રણ ક્ષેત્રિય મુખ્યાલય કાર્યરત છે. ગુજરાત સીમાંત ૮૨૬ કિલોમીટરની જવાબદારી સંભાળી રહ્યું છે.

સીમાદર્શનના પ્રારંભે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બીએસએફના શહીદ થયેલા જવાનોના પરિવારના સભ્યોનું તથા બીએસએફમાં વીરતા પદક મેળવનારાં જવાનોનું ગૌરવપૂર્ણ સન્માન કર્યું હતું.

અહીં યોજાયેલી રીટ્રીટ પરેડમાં દર્શકોએ સંત્રીઓ અને ગાર્ડસની મુવમેન્ટ નિહાળી હતી. બીએસએફના જવાનોએ ભાંગડા - દેશભક્તિના નૃત્યો રજૂ કર્યા હતા. અને ફયુઝન બેન્ડ પણ પ્રસ્તુત કર્યું હતું. કેમલ શો પણ રજુ કરાયો હતો.

ઉલ્લેખ જોવા મળે છે કે રીટ્રીટની શરુઆત ૧૬મી સદીમાં બ્રિટનમાં થઈ હતી. સેરીમોનીયલ રૂપે ગુજરાતમાં રીટ્રીટ જોવાનો અવસર હવે સામાન્ય નાગરિકોને સીમા દર્શન કાર્યક્રમથી મળશે.




પ્રવાસન ક્ષેત્રે એક નવી દિશા ગુજરાતમાં ખુલી રહી છે. દર શનિ અને રવિવારે બપોરે ૧૨ કલાકે જલોયા પ્રવાસી માહિતી કેન્દ્રથી સીમાદર્શનનો આરંભ થયો. પ્રવાસીઓ શસ્ત્રદર્શનનો આરંભ થયો. પ્રવાસીઓ શસ્ત્રપ્રદર્શન - ભારત-પાકિસ્તાન સીમાદર્શન - બીએસએફ ફિલ્મ - બીએસએફ જવાનો દ્વારા રીટ્રીટ (પરેડ) - બીએસએફ ફયુઝન બેન્ડ - કેમલ શો - પક્ષી દર્શન જોઈ શકાશે અને નડેશ્વરી માતાના મંદિરે દર્શનનો અવસર પણ મળશે.

સરકાર દ્વારા રાજયમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા થઈ રહેલા સાતત્યપૂર્ણ પ્રવાસોના પરિણામે વૈવિધ્યપૂર્ણ પ્રવાસન ધામો વિકસતા જાય છે અને પરિણામે આસપાસના વિસ્તારોમાં રોજગારી પણ વધી રહી છે



પ્રસ્તુત ઘટનામાં બે બાબતો વિશેષ ધ્યાન દોરે છે. એક તો મુખ્યમંક્ષીની સંવેદનશીલતા. તેઓ દિવાળીના પર્વે ત્યાં બીએસએફના જવાનો સાથે રહ્યા અને એમણે અહીં સંવાદ કર્યો. એમણે અહીં સીમાદર્શન કાર્યક્રમનો વિચાર કર્યો અને એને તુરંત અમલમાં દિશામાં કાર્યરંભથી સૂચના આપી. આમ સંવેદનશીલતાથી લેવાયેલા નિર્ણયો દ્વારા સીમાદર્શનની સુવિધા સંપન્ન થઈ.

નાગરિકોને પણ સીમાદર્શનનો અદ્‌ભૂત રોમાંચકારી અનુભવ મળશે.

બીજી વાત તે સીમા સુરક્ષા દળના જવાનોની કર્તવ્યનિષ્ઠા. પ્રત્યેક પળે તેઓ જાગૃત રહે છે અને દેશની સરહદો પર તથા આંતરિક સુરક્ષા માટે પણ સાબદા રહે છે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ બીએસએફના જવાનો દેશ સેવા માટે સમર્પિત રહે છે અને રાષ્ટ્રને અખંડિત રાખે છે.

રાષ્ટ્રપ્રેમનું આવું સમર્પણ જોવા મળે ત્યારે સીમા પ્રહરીઓને બિરદાવવાનું મન થાય અને પરિણામે હૈયામાં રાષ્ટ્રભક્તિના અજવાળા રેલાય છે.